# નિવાસી અધિક કલેક્ટર કે.એસ.વસાવાના અધ્યક્ષસ્થાને પ્રજાસત્તાક દિનના આયોજન અર્થે બેઠક યોજાઇ

છોટાઉદેપુર તા. ૨૨

આગામી ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૯ પ્રજાસત્તાક દિન જિલ્લા કક્ષાની ઉજવણીના આગોતરા આયોજન અર્થે બેઠક નિવાસી અધિક કલેકટરશ્રી કે.એસ.વસાવાના અધ્યક્ષસ્થાને જિલ્લા સેવા સદન સંકલન હોલ છોટાઉદેપુર ખાતે યોજાઇ હતી.

બેઠકમાં ઉપસ્થિત અધિકારીઓને સંબોધતા નિવાસી અધિક કલેકટર કે.એસ.વસાવાએ જણાવ્યું હતું કે, આગામી ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક રાષ્ટ્રીય પર્વ જિલ્લા કક્ષાની ઉજવણી છોટાઉદેપુર જિલ્લાના ડી.બી.પારેખ હાઇસ્કૂલ ગ્રાઉન્ડ ખાતે યોજાશે. જેથી પ્રજાસત્તાક રાષ્ટ્રીય પર્વની ઉજવણી ઉત્સાહપૂર્વક અને દબદબાભેર ઉજવાય તે માટે તમામ અધિકારીઓને સોંપવામાં આવેલી કામગીરી, ખંત, ઉત્સાહપૂર્વક, નિષ્ઠાપૂર્વક કરવા માર્ગદર્શન પુરુ પાડયું હતું તેમણે વધુમાં ઉમેર્યુ હતું કે કાર્યક્રમના દિવસે પ્રભાત ફેરી, પોલીસ, હોમગાર્ડ, એન.સી.સી. માર્ચપાસ્ટ, દેશભક્તિના લગતા સાંસ્કૃતિક કાર્યક્રમો, સંખેડા ખાતે સ્વચ્છતા અને સાફ-સફાઇ કરવા, રાજ્ય અને રાષ્ટ્રીય કક્સાઓ ઉત્કૃષ્ટ એવોર્ડ મેળવનાર વ્યક્તિઓની યાદી તૈયાર કરવા, રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાએ વિશિષ્ટ સિધ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓની યાદી, જિલ્લાની વિકાસની ઝાંખી કરાવતા ટેબ્લો, પ્રદર્શન કરવા માટે જરૂરી આયોજન કરવા ભાર મૂક્યો હતો તેમજ તા.૨૫મી જાન્યુઆરીના રોજ સવારના ૦૯:૦૦ કલાકે રિહર્સલ યોજવામાં આવશે. જેથી જિલ્લાના અધિકારીઓ સંકલનમાં રહી ટીમવર્કથી કામગીરી કરી કાર્યક્રમને સુપેરે પુરો પાડવા તાકિદ કરી હતી. બેઠકમાં મુખ્ય નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એચ.એમ.પંચાલ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી મહેશભાઇ ચૌધરી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી પી.જે.પ્રજાપતિ, નાયબ પશુપાલન નિયામક પી.આર.પટેલ તેમજ જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજીવ ગાંધીના જમાનામાં થતી ૮૫ ટકા લૂંટ બંધ કરી : પીએમ મોદી

(જી.એન.એસ)વારાણસી,તા.૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે ઉત્તર પ્રદેશના વારાણસીમાં ચાલી રહેલા પ્રવાસી ભારતીય દિવસના ઔપચારિક ઉદ્દઘાટન કર્યું. આ પહેલી વખત છે જ્યાં તેનું આયોજન વારાણસીમાં કરવામાં આવી રહ્યું છે. સોમવારે વિદેશ મંત્રી સુષમા સ્વરાજ અને ઉત્તર પ્રદેશના સીએમ યોગી આદિત્યનાથની આગેવાનીમાં 'યુવા પ્રવાસી ભારતીય દિવસ'ની શરૂઆત થઇ હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાથે મૉરીશસના વડાપ્રધાન પ્રવીણ જગન્નાથ પણ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અહીં પોતાના સંબોધનમાં કહ્યું કે, હું એક વડાપ્રધાનના રૂપ સિવાય કાશીનો સાંસદ હોવાના નાતે હું તમારું સ્વાગત કરું છું. તે દરમિયાન તેમણે ટુમકુરના સિદ્ધગંગા મઠના સ્વામીના નિધન પર ઉંડા શોકની લાગણી વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે, આ સંમેલનની શરૂઆત અટલજીએ કરી હતી, પરંતુ તેમના ગયા પછી પહેલી વખત આ કાર્યક્રમનું સ્વાગત થઇ રહ્યું છે. સ્એ વધુમાં કહ્યું કે, બહાર રહીને તમે તમામ દેશની શક્તિઓને દુનિયાને જણાવી રહ્યા છો, તમે લોકો ભારતના બ્રાન્ડ એમ્બેસેન્ડર છો.

આજે દુનિયાના ઘણા દેશોના પ્રમુખ એવા લોકો છે જેના મૂળ ભારતમાં છે. તેમણે કહ્યું કે, પહેલા લોકો કહેતા હતા કે ભારત બદલાઇ ના શકે, પરંતુ આપણે આ વિચારને બદલી નાખ્યો છે. આજે ભારત અનેક મામલાઓમાં દુનિયાની આગેવાની કરી રહ્યું છે. તે દરમિયાન વડાપ્રધાને પોતાના કાર્યકાળ દરમિયાન તેમની સરકાર દ્વારા ચલાવવામાં આવેલી યોજનાઓને જણાવી અને સરકારની ઉપલબ્ધિઓ ગણાવી હતી.

PMએ વધુમાં કહ્યું કે, એક પૂર્વ વડાપ્રધાન (રાજીવ ગાંધી)એ કહ્યું હતું કે, જો સરકાર એક રૂપિયા મોકલે છે તો ૧૫ પૈસા જ ગામમાં પહોંચે છે. જે પાર્ટીએ ઘણા વર્ષો સુધી રાજ કર્યું, તે પાર્ટીના વડાપ્રધાન પણ કંઇ કરી શક્યા નહીં, અમારી સરકારે ટેકનિકનો ઉપયોગ કરી આ લૂંટને ખતમ કરી નાખી હતી. હવે અમે સબસીડીનો તમામ હિસ્સો સીધા બેંક એકાઉન્ટ મારફતે લોકો સુધી પહોંચાડીએ છીએ. જો અમે જૂની નીતિથી પહોંચાડવાનું ચાલુ રાખ્યું હોત તો ૪.૫ લાખ કરોડથી વધારેની સંપત્તિની લૂંટ થઇ જાત. તેમણે કહ્યું કે, કોંગ્રેસની સરકારોમાં કામ કરવાની નિયત કોઇનામાં નહોતી.

વડાપ્રધાને વધુમાં જણાવ્યું કે, હું તમને વધુ એક આંકડો આપું છું, છેલ્લા સાઢા ચાર વર્ષમાં અમારી સરકારે લગભગ ૭ કરોડ એવા બોગસ લોકોની ઓળખ કરીને તેમને વ્યવસ્થામાંથી હટાવવામાં આવ્યા છે.

આ ૭ કરોડ લોકો તે હતા, જે ક્યારેય તેમનો જન્મ જ થયો નહોતો, તે વાસ્તવમાં હતા જ નહીં, તેમણે કહ્યું કે, આ ૭ કરોડ લોકો સરકારી સુવિદ્યાઓનો લાભ લઈ રહ્યા હતા. તમે વિચારો, આખા બ્રિટેનમાં, ફ્રાંસમાં, ઇટલીમાં જેટલા લોકો છે, એવા અનેક દેશોની જનસંખ્યાથી વધારે તો આપણા ત્યાં તે લોકો હતા. જે માત્ર કાગળો ઉપર જીવી રહ્યા હતા અને કાગળોમાં જ સરકારી સુવિદ્યાઓનો લાભ લઇ રહ્યા હતા.

પાસપોર્ટની સાથે સાથે વિઝા સાથે જોડાયેલા નિયમોને પણ સરળ કરવામાં આવી રહ્યા છે. ી-ફૈંજીછની સુવિદ્યા મળવાથી તમારા સમયની બચત પણ થઇ રહી છે અને મુશ્કેલીઓ પણ ઓછી થઇ છે. અત્યારે પણ જો કોઇ સમસ્યાઓ તેમાં છે તો તેના સુધાર માટે આ કદમ ઉઠાવવા આવી રહ્યું છે.

## એકતાના નામે કોંગ્રેસમાં હજુ ડખાઓ ચાલુ

# રાજીવ સાતવની અધ્યક્ષતામાં કોંગ્રેસના ધારાસભ્યોની બેઠક : ૧૧ ધારાસભ્યો ગેરહાજર

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૨૨

કોંગ્રેસમાં ઘર ફૂટે ઘર જાય તે વાસ્તવિકતા છે. ગુજરાતમાં કોંગ્રેસની સ્થિતિ લોકસભાની ચૂંટણીના પડઘમ વચ્ચે પણ સુધરી નથી. આજે પણ કોંગ્રેસના ધારાસભ્યો પોતાને કદાવર નેતા જ માને છે. કોંગ્રેસમાં કોઈને કાર્યકર થવું નથી તમામને નેતા બનવું હોવાથી છેલ્લાં બે દાયકાથી કોંગ્રેસનો ગરબો ઘરે આવે છે. રૂપાણી સરકાર સામે એન્ટિઇક્મ્બસીનો માહોલ હોવાનું ભાજપ સારી રીતે જાણે છે પણ એને એ પણ ખબર છે કે ચૂંટણી જાહેર થતાં જ કોંગ્રેસના નેતાઓનો જૂથવાદ તેમને જીતાડી દેશે. ગુજરાતમાં ભાજપ વિરુદ્ધ માહોલ હોવા છતાં પણ આ તક કોંગ્રેસ વેડફી દેશે એ નક્કી છે. મંગળવારે લોકસભા અંતર્ગત મહત્વની બેઠક હોવા છતાં ૧૧ ધારાસભ્યો આ બેઠકમાં ગેરહાજર રહ્યાં. ભાજપ એ શિસ્તમાં માનનારી પાર્ટી હોવાથી આજે આગળ છે. લોકસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવતી જશે તેમ તેમ જૂથવાદ વકરતો જશે એ નક્કી છે.

ગાંધીનગરમાં કોંગ્રેસ પ્રભારી રાજીવ સાતવની અધ્યક્ષતામાં કોંગ્રેસના તમામ ધારાસભ્યોની મહત્વની બેઠક મળી. ગાંધીનગરના સર્કિટ હાઉસ ખાતે કોંગ્રેસના ધારાસભ્યોની બેઠક મળી. જોકે આ બેઠકમાં રાધનપુરના ધારાસભ્ય અલ્પેશ ઠાકોર ગેરહાજર છે. આ વિધાનસભાના આગામી સત્ર અને લોકસભાની ચૂંટણી અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી રહી છે. રાજયમાં લોકસભાની ૨૬ બેઠકોમાંથી વધુમાં વધુ બેઠકો હાંસલ કરવાની દિશામાં રણનીતિ ઘડવા પર ચર્ચા વિચારણા થઈ રહી છે. વિપક્ષ નેતા પરેશ ધાનાણી અને પ્રદેશ પ્રમુખ અમિત શાહે આગામી વિધાનસભા સત્રમાં સરકારને વિવિધ મુદ્દે ઘેરવાની રણનીતિ ઘડવા પર પણ ચર્ચા કરશે.ગાંધીનગર – સર્કિટ હાઉસ ખાતે કોંગ્રેસની મહત્વપુર્ણ બેઠક, ૭૭ પૈકી ૧૧ ધારાસભ્યો ગેરહાજર, ૬૬ ધારાસભ્યો બેઠકમાં હાજર રહ્યા. ગેરહાજર પૈકીના ૮ ધારાસભ્યોએ લીધી છે પ્રદેશ મંડળની મંજુરી, ૩ ધારાસભ્યો વગર મંજૂરીએ ગેરહાજર રહ્યાં છે. કોંગ્રેસમાં ધારાસભ્યો કોઈને ગાંઠતા નથી તેનું આ ઉદાહરણ છે. લોકસભા માટે મહત્વની બેઠક છતાં ધારાસભ્યો ગેરહાજર રહ્યાં. પ્રભારી રાજીવ સાતવના પ્રયત્નો છતાં પણ કોંગ્રેસને એકજૂથ કરવામાં તેઓ નિષ્ફળ રહ્યાં હોવાનું આ ઘટનાએ સાબિત કરી દીધું છે. એકતાના નામે કોંગ્રેસમાં હજુ ડખાઓ ચાલુ છે. કોંગ્રેસ ભલે એકજૂથ દેખાતી હોય પણ ભાજપ લોકસભામાં કોંગ્રેસની નબળી કડીનો ફાયદો લેશે એ નક્કી છે.

ગાંધીનગર સરકીટ હાઉસમાં કોંગ્રેસના તમામ ધારાસભ્યોની બેઠક મળી હતી. પ્રભારી રાજીવ સાતવની અધ્યક્ષતા આ બેઠકમાં મળી હતી. જેમાં વિધાનસભાના આગામી સત્ર અને લોકસભાની ચૂંટણી અંગે ચર્ચા કરીને રણનીતિ ઘડવામાં આવી. વિપક્ષ નેતા પરેશ ધાનાણી અને પ્રદેશ પ્રમુખ અમિત શાહે આગામી વિધાનસભા સત્રમાં સરકારને વિવિધ મુદ્દે ઘેરવાની રણનીતિ ઘડવા પર પણ ચર્ચા કરશે. બેઠક પૂર્ણ થયા બાદ પ્રભારી રાજીવ સાતવે કહ્યુ કે ગુજરાતમાં લોકસભાની તમામ ૨૬ બેઠકો જીતવા પ્રયાસ કરાશે. દરેક ધારાસભ્યોને બે-બે બેઠકોની જવાબદારી સોંપવામાં આવી છે. તો પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ કહ્યું કે તમામે લોકસભા ચૂંટણી જીતવાનો સંકલ્પ કર્યો છે. આગામી દિવસોમાં ખાટલા પરિષદ, લોકદરબાર જેવા કાર્યક્રમોનું આયોજન યોજાશે. લોકસભાની ચૂંટણી જાહેર થયા બાદ પરિવર્તન સંકલ્પ સંમેલન યોજાશે. બેઠકમાં ચૂંટણીલક્ષી કાર્યક્રમો સફળ બનાવવા ચર્ચા થઈ છે. અને કોંગ્રેસ વિધાનસભા સત્રમાં મોંઘવારી, ભ્રષ્ટાચાર, બેરોજગારી અને ખેડૂતોની સમસ્યા મુદ્દે ઉઠાવશે.

## અજાણ્યા ઇસમનું અકસ્માત થતાં મૃત્યુ નિપજ્યું

વડોદરા તા. ૨૨

બાપોદ પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઇન્સ્પેક્ટરની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, અમદાવાદના જયદીપકુમાર બારોટે ફરિયાદ નોંધાવેલ છે. નોલેજ સીટી આજવા રોડ વડોદરા પર આશરે ૩૦ વર્ષીય એક અજાણ્યા ઇસમે ટક્કર મારી અકસ્માત કર્યો છે. ઇજા પામનારનું મોત નિપજ્યું છે અને ઇસમ નાસી ગયેલ છે.

# જુગાર સ્થળે પોલીસનો છાપો રૂા.૫૫ હજારનો મુદ્દામાલ જપ્ત

વડોદરા, તા.૨૨

વડોદરા તાલુકાના વરણામા નજીક આવેલ સરાર ગામે જાહેરમાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે વરણામાં પોલીસે રેઈડ કરી ચાર શખ્સોને ઝડપી પાડી રૂા.૫૫.૬૦૦નો મુદ્દામાલ કબ્જે લીધો હતો.

બનાવની પ્રાપ્ત માહિતી અનુસાર વડોદરા નજીક આવેલા વરણામા પાસેના સરાર ગામે કેટલાક શખ્સો દ્વારા જુગાર રમાઈ રહયો છે. તેવી બાતમી વરણામા પોલીસને મળી હતી. જેના આધારે પોલીસે ગઈકાલે રાત્રીના આઠ વાગે સરાર ગામમાં રેઈડ કરી હતી. જેમાં હસનખાન, મોહમંદ પઠાણ, અશોક ગણપત, રમેશ ઠાકોર તથા દિલીપ માછીનાઓ ઝડપાયા હતા. પોલીસે જુગાર સ્થળેથી રોકડા રૂા.૧૯.૬૦૦ તથા મોબાઈલ ફોન તથા અન્ય સામગ્રી મળી કુલ રૂા.૫૫,૬૦૦ કબ્જે કર્યો હતો. ચારેય વિરૂધ્ધ જુગારનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# સામાજીક સંસ્થા ઉત્તર ઝોનમાં છ ટોઈલેટ બ્લોક બનાવી આપશે

વડોદરા, તા.૨૨

પાલિકા હદ વિસ્તારના ઉત્તરઝોનમાં સ્વૈચ્છિક સંસ્થા પોતાના ૧૦૦ ટકાના ખર્ચે પે એન્ડ યુઝ છ સ્થળોએ ટોયલેટ બનાવશે અને તેને ૨૦ વર્ષ સુધી મેન્ટેન પણ કરશે.

ઉત્તર ઝોનમાં છ સ્થળોએ પે એન્ડ યુઝ ટોઈલટ બનાવવા સ્વૈચ્છિક સંસ્થાએ તૈયારી બતાવી છે. સંસ્થાએ આ માટે પાલિકાને સૌથી વધુ પ્રિમીયમની રકમ ભરવાની ઓફર કરી છે. આ માટે ઉત્તર ઝોનમાં સંસ્થાને છ સ્થળ ફાળવવામાં આવશે. જે માટે પાલિકા જરૂરી કરાર કરશે. સંસ્થા તેને ૨૦ વર્ષ સુધી નિભાવણી અને મરામતની કામગીરી કરશે.

## ડભોઈ રોડ પરનાં ફરતીકુઈ પાસે

# ઈકો ગાડી અને બાઈક વચ્ચે અકસ્માત બાઈક સવારનું મોત

વડોદરા, તા.૨૨

ડભોઈ રોડ ફરતીકુઈ પાસે બાઈક અને ઈકો ગાડી વચ્ચે અકસ્માત થતા બાઈક સવાર પ્રદીપ સંતલાલ ચૌધરીનું ઈજાઓ થવાથી મોત નિપજયું હતું. અકસ્માત મોતના બનાવની કાર્યવાહી ડભોઈ પોલીસે કરી હતી.બનાવની પ્રાપ્ત વિગતોનુસાર ડભોઈ તાલુકાના હંસાપુરા ગામે રહેતા રામસુરત કોમલભાઈ ચૌધરી તથા તેનો મિત્ર પ્રદીપ સંતાલાલ ચૌધરી ડબલ સવારી બાઈક ઉપર ડભોઈ રોડ પરના ફરતીકુઈ પાસેથી પસાર થતા તે વખતે આ રોડ ઉપરથી ફુલ ઝડપે પસાર થતા ઈકો કારના ચાલકે ફરતીકુઈ પાસે બાઈકને અડફેટે લીધી હતી. જેમાં ઈકો અને બાઈક વચ્ચે અકસ્માત થયો હતો. અકસ્માતને પગલે બાઈક સવાર ચૌધરી બંધુઓ ફંગોળાયા હતા. અને ઈજાએ થઈ હતી જેમાં પ્રદીપ ચૌધરીનું ઉ.વ. ૨૬ને ઈજાઓ થતા તેને સારવાર માટે ડભોઈ રેફરલમાં લઈ જવાયો હતો. જયાં તેનું મોત નિપજયું હતું.

# પ્રજાસત્તાકને લોહીયાળ બનાવવા દિલ્હીમાં ૫ થી ૬ આતંકીઓ ઘૂસ્યા : એલર્ટ જાહેર

(જી.એન.એસ)ન્યુદિલ્હી,તા.૨૨

રાજધાનીમાં ગણતંત્ર દિવસની પરેડની ૪ દિવસ પહેલા ખાનગી એજન્સીઓએ એક મોટું એલર્ટ જાહેર કર્યું છે. ઈન્ટેલિજેંસે રાજધાની અને તેની આસપાસના વિસ્તારોમાં આતંકીઓ ઘૂસ્યા હોવાની આશંકા સેવી છે. આતંકીઓની સંખ્યા ૫થી ૬ બતાવવામાં આવી રહી છે.દેશની ખાનગી એજન્સીઓ પાસેથી જાણકારી મળી છે કે, આ આતંકવાદીઓમાંથી અમુક તો બે મહિના પહેલા દિલ્હીમાં ઘૂસી ચૂક્યા છે, પરંતુ દિલ્હીમાં તેઓ ક્યા છૂપાયા છે હાલ તેના વિશે કોઇ જાણકારી મળી શકી નથી.પોલીસને જે ઈનપુટ મળ્યા છે, તેમાં જણાવવામાં આવી રહ્યું છે કે આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા અને હિજબુલ મુજાહિદ્દીનના છે. શંકા છે કે તેમની પાસે ઘાતક વિસ્ફોટક સામગ્રી પણ હોઇ શકે છે. એવામાં દિલ્હીના તમામ ભીડભાડવાળા સ્થાનો જેવા કે, આઈએસબીટી, રેલ્વે સ્ટેશન, મેટ્રો સ્ટેશન અને ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે.સાથે દિલ્હીના મોલ, મલ્ટીપ્લેક્સ અને મંદિરોમાં પણ સુરક્ષાને લઈને ખુબ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. દિલ્હી પોલીસ તરફથી તમામ ૧૫ જિલ્લાના ડીસીપી અને અન્ય ઉચ્ચ અધિકારીઓને નિર્દેશ આપવામાં આવ્યો છે કે તે ૨૬ જાન્યુઆરી સુધી દરેકે દરેક વિસ્તારોમાં સૌથી વધુ પેટ્રોલિંગ કરવામાં આવે, જેથી પ્રેજેંસ થવાથી એસએચઓ અને અન્ય લોકલ પોલીસકર્મી પણ એલર્ટ રહે અને ચોકસાઇ પર સૌથી વધુ ધ્યાન આપે, રાત્રે બેરિકેડિંગ લગાવીને શંકાસ્પદોની તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

## ઠેકેદારોએ કામના સ્થળે મહિલા શ્રમિકો માટે પાયાની સુવિધાઓ ફરજિયાત ઉપલબ્ધ કરાવવાની રહેશે

વડોદરા, ૨૨

વડોદરા શહેરના તમામ વિસ્તારોમાં શહેર પોલીસ કમિશનરએ લેબ/કોન્ટ્રાકટર, બિલ્ડર/ઓર્ગેનાઇઝર દ્વારા કે અન્ય કોઇ વ્યકિત એજન્સી દ્વારા માર્ગ-મકાનના બાંધકામની જગાઓ, ઇંટોના ભઠ્ઠાઓ, પથ્થરની ખાણો તથા અન્ય કોઇપણ સ્થળોએ કામ કરતા મહિલા મજુરો અને નાબાલિક બાળકોને ઠેકેદારો દ્વારા કામના સ્થળે પાણી, વીજળી, શૌચાલય જેવી પ્રાથમિક સુવિધાઓ ફરજિયાત આપવા અંગે હૂકમો કર્યા છે. આ હૂકમ તા.૨૦/૦૨/૨૦૧૯ સુધી અમલમાં રહેશે જેનો ભંગ કરનાર કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.


## ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

### ટુંકી મુદ્દતની જાહેર નિવિદા નં.૩૩ સને ૨૦૧૮ -૧૯

કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્ય.બોર્ડ, બી-૧૧ શાસ્ત્રીનગર સોસાયટી, વસુંધરા મીલની બાજુમાં, વડોદરા હાઈવે, છોટાઉદેપુર-૩૯૧૧૬૫ ફોન નં. (૦૨૬૬૯) ૨૩૨૩૪૩ તરફથી બી-૧ ફોમમાં રીજુવીનેશન કાર્યક્રમ હેઠળ (૧) સણોલી ગામ, તા-સંખેડા,જી-છોટાઉદેપુર ખાતે પેએટીમ સુવિધા સહિત ૭૫૦ એલ.પી.એચ. ક્ષમતાના આર.ઓ.પ્લાન્ટ સપ્લાય કરી ફીટીંગ તથા મરામત-નિભાવણી કામગીરી અંદાજીત રકમ રૂા.૪.૭૧ લાખ કામનાં ભાવપત્રકો મંગાવવામાં આવે છે.

આ પ્રકારના માલસામાનના ઉત્પાદક કંપનીઓ, ઉત્પાદિત કંપનીના ઓથોરાઈઝડ ડીલર, આ પ્રકારની કામગીરીના અનુભવનાં પ્રમાણપત્રો ધરાવતા અને સરકારશ્રીના ઠેકેદારની યોગ્ય શ્રેણીમાં રજીસ્ટ્રેશન/નોંધણી ધરાવતાં ઈજારદારો પાસેથી ભાવપત્રકો મંગાવવામાં આવે છે.

કોરા ભાવપત્રકો આપવાની છેલ્લી તા.૨૯/૦૧/૨૦૧૯ ૧૬.૦૦ કલાક સુધી અને ભરેલ ટેન્ડરો ફકત રીજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી.થી. પરત મેળવવાની છેલ્લી તા.૦૫/૦૨/૨૦૧૯ ૧૬.૦૦ કલાક સુધી રહેશે. ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડનો હેલ્પલાઈન નંબર-૧૯૧૬ ઉપર જનતાએ સંપર્ક કરવા અનુરોધ છે.

(માહિતી-વડો-૧૪૪૨-૨૦૧૮-૨૦૧૯)


# ઉત્તર પૂર્વના રાજયોમાં ભારે વરસાદને પગલે ૩ દિવસ સ્કૂલો બંધ

નવીદિલ્હી ,તા.૨૨

આજે સમગ્ર ભારતના વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો. જેના કારણે વાતાવરણ મિશ્ર બન્યું હતું. દિલ્હીમાં ધોધમાર વરસાદની ઝલક જોઈ લોકો પણ આશ્ચર્યમાં મુકાયા હતા. તો બીજી તરફ ઉત્તર પૂર્વના રાજ્યોમાં પણ સ્થિતિ વણસી હતી. જેના કારણે કેટલાક વિસ્તારોમાં સ્કૂલ બંધ કરવાના વારા આવ્યા હતા. જમ્મુ કાશ્મીરમાં હિમવર્ષા તો પહાડી વિસ્તારોમાં ડબલ અટેક જેવી સ્થિતિનું નિર્માણ પામ્યું હતું.

ઉત્તરાખંડમાં પણ બરફવર્ષા અને ભારે વરસાદ વરસી રહ્યો છે. જેના કારણે આજે ત્રણ જિલ્લાઓમાં શાળાઓ બંધ છે. યાત્રાધામ કેદારનાથમાં માઈનસ ૧૦ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. ચારધામમાં થોડા થોડા સમયે બરફવર્ષા આજે પણ યથાવત છે. ઉત્તરાખંડના ગંગોત્રી, યમુનોત્રી, કેદારનાથ,બદ્રીનાથ હર્શિલ, ઘનૌલટી, પિથોરાગઢ, ચંબા, ટિહરી ગઢવાલ, પૌડી ગઢવાલમાં આજે ભારે હિમવર્ષા થઈ છે.

ઉત્તરાખંડ હવામાન વિભાગ અનુસાર આજે દિવસભરમાં હવામાન ખરાબ થઈ શકે છે. અને આથી જ જિલ્લા તંત્રએ શાળાઓમાં રજા જાહેર કરી દીધી છે. દેહરાદુન, હરિદ્વાર અને ટિહરીના જિલ્લા અધિકારીઓને પણ બદલાતા હવામાનને લઈને એલર્ટ આપી દેવામાં આવ્યુ છે.પહાડો પર થઈ રહેલી ભારે બરફ વર્ષા અને મેદાની પ્રદેશમાં ભારે પવન અને વરસાદનો ડબલ અટેક જોવા મળી રહ્યો છે. અને તેના કારણે ઉત્તર ભારતમાં ઠંડીમાં વધારો થયો છે.

ભારે હિમવર્ષાના કારણે પહાડો પર અદભૂત દ્રશ્યો જોવા મળી રહ્યો છે. વૃક્ષો, રસ્તાઓ, મકાનથી માંડીને તમામ સ્થલે બરફની સફેદ ચાદર છવાયેલી જોવા મળી રહી છે. ભારે હિમવર્ષા અને વરસાદના કારણે વાહન ચાલકો પરેશાન છે.રસ્તાઓ બંધ છે. ઉત્તરાખંડના પહાડી પ્રદેશમાં હિમવર્ષા થઈ છે. હવામાન વિભાગે ૩૬ કલાક હિમવર્ષાની ચેતવણી પણ આપી છે. તો જમ્મુ કાશ્મીરમાં ભારે હિમવર્ષાના કારણે નેશનલ હાઈવે બંધ છે. જ્યારે હિમાચલ પ્રદેશમાં ચાર ધામમા બરફની ચાદર જોવા મળી રહી છે.જમ્મુ કાશ્મીરમાં ગત રાતે અને આજે વહેલી સવારે હિમવર્ષા થઈ છે..અને તેના કારણે લોકોએ હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. વાહન વ્યવહાર સેવાને અસર થઈ છે. જમ્મુ કાશ્મીરની જવાહર ટનલ પણ બારે હિમવર્ષાના કારણે બંધ છે. જમ્મુ કાશ્મીરના રાજૌરીના પીરપંજાલ ખાતે ભારે હિમવર્ષા થઈ છે. જેના કારણે ચારે તરફ બરફની ચાદર છવાઈ ગઈ છે.મુઘલ રોડ પર બરફના થર જામી જતા તંત્ર દ્વારા અત્યાધુનિક મશીનની મદદથી બરફ ખસેડવાની કામગીરી ચાલી રહી છે. તો ગઈકાલે થયેલા ભારે હિમવર્ષાન કારણે જમ્મુ-શ્રીનગર હાઈવે બંધ થઈ ગયો હતો. હજારો ટ્રકો અને મુસાફરો ઉધમપુર હાઈવે પર અટવાઈ પડ્યા હતા.હવામાન વિભાગના મતે આજે અને આવતીકાલે પણ જમ્મુ કાશ્મીરમાં બરફવર્ષા થઈ શકે છે. અને કેટલાક વિસ્તારમાં તો ભારે હિમવર્ષા થવાની સંભાવના છે.

# માર્ચના અંત સુધીમાં ૧,૧૧,૦૦૦ કરોડના વાયબ્રન્ટ એમઓયુનો અમલ થશે

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૨૨

ગાંધીનગર- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનું નક્કર કાર્ય કયું અને સરકાર દ્વારા જૂઠાણાં ફેલાવામાં આવતાં હોવાના વિપક્ષ કોંગ્રેસની બૂમરાણ વચ્ચે મુખ્યપ્રધાન વિજય રુપાણીએ જાહેર માધ્યમોને સંબોધતાં મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી.તેમણે જણાવ્યું હતું કે વાયબ્રન્ટ સમીટ ૨૦૧૯ની ફળશ્રુતિરૂપે જે એમઓયુ થયાં છે તેમાંથી આગામી નાણાકીય વર્ષ ૩૧ માર્ચ ૨૦૧૯ પહેલાં ૧ લાખ ૧૧ હજાર કરોડના રોકાણોના ખાતમુહૂર્ત ઉદઘાટન અને કાર્યારંભ ૪૦૦થી વધુ કંપનીઓ દ્વારા થઇ જશે.રાજ્ય સરકારે આ માટેની તૈયારીઓ કરી લીધી છે અને કંપનીઓ આડેન્ટિફાય કરી લીધી છે. એમ પણ તેમણે પ્રચાર માધ્યમો સાથેની વાતચીત માં જણાવ્યું હતું. વાયબ્રન્ટમાં માત્ર એમઓયુ જ થાય છે તેવા વિરોધીઓના આક્ષેપ સામે સીએમે જણાવ્યું કે જે ઉદઘાટન થવાના છે તેમાં અગાઉની વાયબ્રન્ટના વિવિધ તબક્કે થયેલા એમઓયુ પણ સાકાર થવાના છે. એટલે આપોઆપ દૂધનું દૂધને પાણીનું પાણી થઇ જશે..મુખ્યમંત્રીએ કહ્યું કે, વાઈબ્રન્ટ સમિટ સફળતાથી પૂરી થઈ છે. શ્વેતપત્રની વાતો કરનારને આ જવાબ છે. યુપીએની સરકાર ખાડે ગઈ હતી. ૪૦૦થી વધુ કંપનીઓ કાર્યરત થશે. ૨૦૧૯માં જે એમઓયુ થયા છે, તેમાંથી જ આ કંપનીઓ છે. રાજ્ય સરકારે આ માટેની તૈયારીઓ કરી લીધી છે. જે ઉદ્દઘાટન થવાના છે તેમાં અગાઉની વાયબ્રન્ટના વિવિધ તબક્કે થયેલા એમઓયુ પણ સાકાર થવાના છે. એટલે આપો આપ દૂધનું દૂધ અને પાણીનું પાણી થઇ જશે. વિરોધીઓ સમજતા નથી એટલે જૂની કેસેટ જ વગાડે છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીની પ્રેસ કોન્ફરન્સમાં મુખ્ય સચિવ ડો.જે.એન.સિહ, નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ અંરવિદ અગ્રવાલ, સી.એમ.ઓ.ના મુખ્ય અગ્ર સચિવ કે.કૈલાશનાથન હાજર રહ્યા હતા. મુખ્ય સચિવ ડો જે.એન.સિંહે કહ્યું કે, ગુજરાત ૧૩ થી ૧૭ ના વર્ષ દરમિયાન વધુમાં વધુ પ્રગતિ કરનાર રાજ્ય હતું. ગુજરાત પ્રથમ નંબરે હતું. ગુજરાત સરકાર અને ભાજપના સમયે નાણાંની શિસ્ત ખૂબ સારી રહી છે. દેવું પણ ઓછું રહ્યું અને મોંઘવારી પણ ઓછી રહી છે. નોકરીઓ વધવામાં ગુજરાત નંબર વન રહ્યું છે. વાર્ષિક વૃધ્ધ દર પણ ગુજરાત નંબર વન રહ્યું છે. ઈવીએમને હેક કરવાના વિવાદ પર મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પ્રતિક્રિયા આપતા કહ્યું કે, ચૂંટણી આવે છે ત્યારે જ ઈવીએમની વાત આવે છે. કૉંગ્રેસ મુદ્દા ઉપસ્થિત કરી રહ્યું છે, માત્ર ૪ મહિના પહેલા જ શા માટે જવાબ આપ્યો? ચૂંટણી પંચ તેનો જવાબ આપવાનો છે.

# સતત ૧૩મા દિવસે પેટ્રોલમાં ૧૩ અને ડિઝલમાં ૧૯ પૈસાનો વધારો

(જી.એન.એસ)ન્યુદિલ્હી,તા.૨૨

પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં સતત વધારો થઇ રહ્યો છે. આજે દિલ્હી કોલકાતા અને મુંબઈમાં પેટ્રોલની કિંમતમાં ૧૩ પૈસા જયારે ચેન્નાઈમાં ૧૪ પૈસા પ્રતિ લિટરનો વધારો કર્યો છે. જયારે ડીઝલનાં ભાવમાં દિલ્હી અને કોલકાતમાં ૧૯ પૈસા જયારે મુંબઈમાં ૨૦ પૈસા અને ચેન્નાઈમાં ૨૧ પૈસા પ્રતિ લિટરનો વધારો કરવામાં આવ્યો છે.

દિલ્હી, કોલકાતા, મુંબઈ અને ચેન્નાઈમાં મંગળવારે પેટ્રોલનાં ભાવ ક્રમશ ૭૧.૨૭ રૂપિયા, ૭૩.૩૬ રૂપિયા, ૭૬.૯૦ રૂપિયા અને ૭૩.૯૯ રૂપિયા પ્રતિ લિટર નોંધાયા છે. ચારેય મહાનગરોમાં ડીઝલની કિંમત ભાવ વધારા બાદ ક્રમશ ૬૫.૯૦ રૂપિયા, ૬૭.૬૮ રૂપિયા, ૬૯.૦૧ રૂપિયા અને ૬૯.૬૨ રૂપિયા પ્રતિ લિટર થઈ ચુકી છે.અમદાવાદમાં આજે પેટ્રોલની કિંમત ૬૮.૭૦ રૂપિયા પ્રતીલીટર તો ડીઝલની કિંમત ૬૮.૮૭ રૂપિયા છે. અમરેલીમાં આજે પેટ્રોલની કિંમત ૬૯.૭૫ રૂપિયા પ્રતીલીટર તો ડીઝલની કિંમત ૬૯.૯૩ રૂપિયા છે. આણંદમાં આજે પેટ્રોલની કિંમત ૬૮.૭૫ રૂપિયા પ્રતીલીટર તો ડીઝલની કિંમત ૬૮.૯૨ રૂપિયા છે. અરવલ્લીમાં આજે પેટ્રોલની કિંમત ૬૯.૩૬ રૂપિયા પ્રતીલીટર તો ડીઝલની કિંમત ૬૯.૫૩ રૂપિયા છે. ગાંધીનગરમાં આજે પેટ્રોલની કિંમત ૬૮.૮૧ રૂપિયા પ્રતીલીટર તો ડીઝલની કિંમત ૬૮.૯૮ રૂપિયા છે.


INEOS STYROLUTION
Driving Success. Together.

**INEOS STYROLUTION INDIA LIMITED**

**Registered Office :** 5th Floor, OHM House II, OHM Business Park, Subhanpura, Vadodara - 390023, Gujarat.
**CIN:** L25200GJ1973PLC002436
**Tel. No. :** +91 265 2303201 **Fax No :** +91 265 2303203
**E mail :** INSTY.secshare@ineos.com **Website :** www.ineosstyrolutionindia.com

**NOTICE**

Notice is hereby given pursuant to Regulation 29 read with Regulation 47 of the SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulations, 2015 that meeting of Board of Directors of the Company will be held on **Tuesday, 12 February 2019,** inter alia, to approve the unaudited financial results of the Company for the third quarter ended on 31 December 2018.

The instant notice is also available on the website of the Company at www.ineosstyrolutionindia.com and on the website of Stock Exchanges at www.bseindia.com and www.nseindia.com.

By order of the Board
**For INEOS Styrolution India Limited**
Sd/-
**Sanjiv Vasudeva**
Managing Director

**Date : 23.01.2019**
**Place : Vadodara**